# સોરઠ ઈન્ટરનેશનલ સ્કુલ, વંથલી રોડ,જુનાગઢ

## વિષય : સામાજિક વિજ્ઞાન

પેપર – ૪

વિભાગ – A (24 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 1 થી 24 ના માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો એક ગુણ)**

**♦ યોગ્ય જોડકા જોડો:**

| A | B |
|---|---|
| 1) મોંગોલોઈડ | A) આઠ ભાગ |
| 2) સહન | B) ઉત્તર – પશ્ચિમ ચીન |
| 3) વાસ્તુશાસ્ત્ર | C) અમદાવાદ |
| 4) કીર્તિતોરણ | D) મસ્જિદનું પ્રાંગણ |
| 5) સીદી સૈયદની જાળી | E) વિજયસ્તંભ |
| | F) વડનગર |

**♦ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

6) રાષ્ટ્રીય સંગ્રહાલય નવી દિલ્હીમાં આવેલું છે.
7) દેશની પવિત્ર ગણાતી નવ નદીઓનો સમાવેશ ભારતમાં રચાયેલી પ્રાર્થનાઓમાં પણ થાય છે.
8) ગુજરાતના જંગલોમાંથી સિંહ સંપૂર્ણપણે નષ્ટ થયા છે.
9) રણપ્રદેશમાં હાથી શ્રેષ્ઠ બોજવાહક છે.
10) ગુજરાતમાં વડોદરા સૌથી મોટું રેલ્વે સ્ટેશન છે

**♦યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

11) ભારત સરકારે વર્ષ 2011 માં રાષ્ટ્રીય ધોરીમાર્ગના નંબરમાં પરિવર્તન કરેલ છે. .........રાજ્યમાંથી 147 નંબરનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થાય છે. (કેરલા,પંજાબ,છતીસગઢ )
12) દેશની ....... આવકને 'રાષ્ટ્રીય આવક' કહેવામાં આવે છે. (વધારે, ઓછી, કુલ)
13) ભારતમાં સૌથી વધુ ગરીબીનું પ્રમાણ ધરાવતું રાજ્ય .........છે (ગુજરાત, રાજસ્થાન, દિલ્હી)
14) ........ પાકોમાં મેંથોલ, પામરોઝા અને લેમનગ્રાસનો સમાવેશ થાય છે.(ફળદ્રુપ, સુગંધિત, જાયદ)
15) ........ માં ખેતીની સાથે સાથે પશુપાલન, મરઘા – બતકા, ઉછેર, મધમાખી અને મતસ્ય ઉછેર જેવી પ્રવૃત્તિ કરવામાં આવે છે. (મિશ્ર ખેતી, સઘન ખેતી, જૈવિક ખેતી)

**♦નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

16) વિશ્વ વ્યાપાર સંગઠનનું વડુમથક ક્યાં આવેલું છે?
A) સ્ટોક હોમ B) જીનીવા C) લંડન D) કલકતા
17) ભવિષ્યમાં ભાવવધારો થવાનો છે એવી આગાહીથી લોકો શું કરે છે?
A) કાળા બજાર B) નફા ખોરી C) સટ્ટાખોરી D) સંગ્રહખોરી
18) 2002ના વર્ષને ક્યા વર્ષ તરીકે ઉજવવામાં આવે છે?
A) મહિલા વર્ષ B) સાક્ષરતા વર્ષ C) પર્યાવરણ વર્ષ D) મહિલા સશક્તિકરણ વર્ષ
19) જાહેર વિતરણ પ્રણાલીને વધુ સુદઢ બનાવવા નવી કઈ બાબતોને અમલમાં મૂકી છે?
A) બારકોડેડ રેશનકાર્ડ B) એટીએમ કાર્ડ C) બાયોમેટ્રિક ઓળખ D) ચુંટણીનું ઓળખપત્ર
20) ભારતમાં સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરીમાર્ગ કયો છે?
A) ૩ નંબર B) 8 નંબર C) 44 નંબર D) 15 નંબર

**♦ નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.**

21) હીરાકુંડ યોજના ક્યા રાજ્યમાં આવેલી છે?
22) આધુનિક યુગનો સમયગાળો ક્યા યુગ તરીકે ઓળખાય છે?
23) ભારત કુલ પરિવહનના કેટલા ટકા હવાઈમાર્ગ ધરાવે છે?
24) અતિશય ઘોંઘાટના કારણે માનવી શું અનુભવે છે?

વિભાગ – B (18 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 25 થી 37 ના ટૂંકમાં ઉત્તર લખો: (દરેકનાં બે ગુણ) (13 માંથી કોઈપણ 09)**

25) ગુજરાતના ધાર્મિક મહત્વ ધરાવતા સ્થળોના નામ લખો.
26) ભારત માટે હિમાલય પર્વતનું મહત્વ ઘણું છે? શા માટે?
27) ભારતની એક કલા તરીકે કાષ્ઠકલાનો પરિચય આપો.
28) સંગીત રત્નાકારનો પરિચય આપો.
29) ગોવાના દેવળો વિશે માહિતી આપો.

30) હુમાયુનો મકબરો ક્યાં આવેલો છે? તેના વિશે માહિતી આપો.
31) જંગલોના વિનાશની અસરો જણાવો.
32) સૌરઉર્જા વિશે ટૂંકનોંધ લખો.
33) ખનીજ સંસાધનોની ભવિષ્યમાં અછત ન સર્જાય તે માટે તમે ભવિષ્યના નાગરિક હોવાના નાતે ક્યાં ઉપાયો સૂચવશો?
34) ખેતી આધારિત ઉદ્યોગોમાં કાપડ પછી બીજું સ્થાન ધરાવતા ખાંડ ઉદ્યોગ વિશે સમજ આપો.
35) ભારતના રસાયણ ઉદ્યોગ વિશે માહિતી આપો.
36) ભારતના ઉત્તર – પૂર્વ પ્રદેશોમાં થતી બળવાખોરીને ક્યાં પરિબળો ઉતેજીત રાખે છે.
37) જમ્મુ – કાશ્મીરના અનેક પંડિત કુટુંબોને વતન છોડીને શા માટે સ્થળાંતર કર્વુ પડ્યું છે?

વિભાગ – C (18 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 38 થી 46 ના મુદ્દાસર ઉત્તર લખો: (દરેકનાં ત્રણ ગુણ) (09 માંથી કોઈપણ 06)**

38) ગોપુરમ્ સ્થાપત્યનું મહત્વ સમજાવો.
39) પ્રાચીન ભારતના એક નગર તરીકે ધોળાવીરાનો પરિચય આપો.
40) મહાકાવ્યો તરીકે રામાયણ અને મહાભારતનો પરિચય આપો.
41) શબ્દ સમજાવો – અનવીનીકરણીય સંસાધનો
42) વિકાસશીલ અર્થતંત્રના ગમે તે ચાર લક્ષણો ચર્ચો.
43) પર્યાવરણની સુરક્ષા માટેના પગલા જણાવો.
44) ગ્રાહકોની ફરજો સમજાવો.
45) ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે કઈ – કઈ યોજનાઓ અમલમાં મુકેલ છે?
46) નક્સલવાદી આંદોલન વિશે નોંધ લખો.

વિભાગ – D (20 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 47 થી 53 ના સવિસ્તાર ઉત્તર લખો: (દરેકનાં ચાર ગુણ) (07 માંથી કોઈપણ 04)**

**➔ પ્રશ્ન નં.:- 54 ફરજિયાત છે.**

47) પ્રાચીન ભારતના વાસ્તુશાસ્ત્ર વિશે માહિતી આપો.
48) પ્રાચીન ભારતનું ધાતુવિદ્યામાં પ્રદાન જણાવો.
49) ભારતમાં ખેતીના મુખ્ય પ્રકારો કેટલા છે? અને ક્યાં ક્યાં તેની વિગતે ચર્ચા કરો.
50) શેરડીના પાક માટે ક્યાં અનુકુળ સંજોગો જરૂરી છે? તેનું નોંધપાત્ર ઉત્પાદન કરનારા ભારતના રાજ્યો કે પ્રદેશોના નામ જણાવો.
51) 'મનરેગા' યોજના વિશે વિગતે માહિતી આપો.
52) ગરીબી એટલે શું? ગરીબી ઉદભવવાના કારણો જણાવો.
53) ભારતમાં બાળશ્રમિકોની માંગ વધુ હોવાના કારણો જણાવી તેને અટકાવવાના ઉપાયો જણાવો.
54) નકશો :-

1. ડાંગર ઉત્પન્ન કરતો એક પ્રદેશ
2. કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન
3. ઈલેક્ટ્રોનીક ઉદ્યોગનું કેન્દ્ર
4. કલકતાથી ચેન્નઈ જતો રેલમાર્ગ(જંકશન)